અપીલ અરજી નં.૨૪૭ તા.૫–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુમિત્રાબેન ઠાકોરભાઈ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુમિત્રાબેન ઠાકોરભાઈ પટેલની તા.૬–૧૦–૦૯ નીઅરજીથી મોજે જહાંગીરાબાદતા.સીટી(ચોર્યાસી) જી.સુરતના રેવન્યુ સર્વે નંબર ૧૮૩,૧૮૨/૨/૩,૧૮૪ ના રેવન્યુ બ્લોક નં.૧૩૩ વાળીજમીન ઉપર ટી.ડી.ઓ. નં.૬૪ થી તા.૧૫–૫–૨૦૦૦ ના રોજ રજાચીઠ્ઠી આપેલ જે જમીન ત્યારે બીનખેતી થયેલ ન હોય ત્યારબાદ મજકુર જમીન માંથી ત્રણ ટી.પી.ના રસ્તા પસાર થયેલ જે બાકી રહેલ જમીન ઉપર રીવાઈઝડ પ્લાન તથા રજાચીઠ્ઠી અંગે અરજી આવેલ છે તે કોના નામથી આવેલ છે તેમજ રીવાઈઝડ પ્લાન તથા રીવાઈઝડ પ્લાનની રજાચીઠ્ઠી કયારે પાસ કરેલ છે જેની નકલો તેમજ તે રીવાઈઝડ પ્લાન તથા રીવાઈઝડ પ્લાનની રજાચીઠ્ઠી કયા અધિકારીએ પાસ કરેલ છે તેની સંપુર્ણ વિગત આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૫–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૪૭/૨૦૦૯–૧૦

શ્રી સુમિત્રાબેન ઠાકોરભાઈ પટેલની તા.૬–૧૦–૦૯ ની અરજીથી મોજે જહાંગીરાબાદતા.સીટી(ચોર્યાસી) જી.સુરતના રેવન્યુ સર્વે નંબર ૧૮૩,૧૮૨/૨/૩,૧૮૪ ના રેવન્યુ બ્લોક નં.૧૩૩ વાળીજમીન ઉપર ટી.ડી.ઓ. નં.૬૪ થી તા.૧૫–૫–૨૦૦૦ ના રોજ રજાચીઠ્ઠી આપેલ જે જમીન ત્યારે બીનખેતી થયેલ ન હોય ત્યારબાદ મજકુર જમીન માંથી ત્રણ ટી.પી.ના રસ્તા પસાર થયેલ જે બાકી રહેલ જમીન ઉપર રીવાઈઝડ પ્લાન તથા રજાચીઠ્ઠી અંગે અરજી આવેલ છે તે કોના નામથી આવેલ છે તેમજ રીવાઈઝડ પ્લાન તથા રીવાઈઝડ પ્લાનની રજાચીઠ્ઠી કયારે પાસ કરેલ છે જેની નકલો તેમજ તે રીવાઈઝડ પ્લાન તથા રીવાઈઝડ પ્લાનની રજાચીઠ્ઠી કયા અધિકારીએ પાસ કરેલ છે તેની સંપૂર્ણ વિગત આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં. પશ્ચિમઝોન/૪૦૩ તા.૨૦–૧૦–૦૯ થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, અરજીની તબદીલીની વિગત,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૭૬ તા.૧૧–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીના તા.૨૧–૧૦–૦૯ ના પત્ર અન્વયે અરજદારે સદર ખાતા ટાઉનપ્લાનીંગનો સંપર્ક કરેલ છે કે કેમ? તથા તે અંગે શું પ્રતિભાવ મળેલ તે બાબતે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે જાહેર માહિતીઅધિકારી તરફથી વે.ઝોન/આરટીઆઈસેલ/આ.નં.૪૫૭ તા.૨૩–૧૧–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અંશતઃ માહિતી માટે પત્ર નં.આરટીઆઈ સેલ/વેસ્ટઝોન/૪૦૨ તા.૨૧–૧૦–૦૯ થી તબદીલ કરેલ પત્રની નકલ, તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.વે.ઝોન/આરટીઆઈ/૪૦૩ તા.૨૧–૧૦–૦૯ ની નકલ તથા અરજદારે તા.૨૪–૮–૦૯ ના રોજ કરેલ અરજીની નકલ તથા આપેલ માહિતી પત્ર નં.૨૮૮ તા.૩૧–૮–૦૯ ના પત્રની નકલ પૂરક માહિતીમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૬–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષયેથી માંગવામાં આવેલી માહિતી અરજદારને ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વેસ્ટઝોન/આરટીઆઈ/આ.ન.૪૦૩ તા.૨૧–૧૦–૦૯ થી " મોજે જહાંગીરાબાદ બ્લોક નં.૧૩૦,૧૩૨ તથા ૧૩૩ ના મંજુર પ્લાન નં.ટીડીઓ/૬૪ તા.૧૫–૫–૨૦૦૦ સિવાય બીજા કોઈ રીવાઈઝડ પ્લાન મંજુર થયેલ હોવાનું કે મંજુરી માટે કાર્યવાહી થયેલ હોવાની માહિતી વેસ્ટઝોન કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી આમ છતાં લેઆઉટ પ્લાનની મંજુરી ટાઉનપ્લાનર શ્રી મુખ્ય કચેરી શહેર વિભાગ મારફતે થતી હોય વધુ વિગત માટે તેમનો સંપર્ક સાધવા જણાવવામાં આવેલ. જે અંગે વેસ્ટઝોન તરફથી પત્ર નં.આરટીઆઈ સેલ/વેસ્ટઝોન/૪૦૨ તા.૨૧–૧૦–૦૯ થી મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજકશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતાને તબદીલ કરવામાં આવેલ છે. જે અંગે અરજદારને અપીલ તબકકે પણ પત્ર પાઠવી ટાઉન પ્લાનીંગ વિભાગનો સંપર્ક કરેલ છે કે કેમ? તે અંગે મળેલ પ્રતિભાવ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ પૂરક વિગતો આપેલ નથી અને તે અંગે અધૂરી માહિતી હોવાનું જણાવી તા.૫–૧૧–૦૯ ના રોજ અપીલ કરેલ છે. પરંતુ અંશતઃ તબદીલ થયેલ અરજી અંગે અરજદારને તક આપવા છતાં નારાજગીની વિગતો રજુ કરી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને પક્ષકાર તરીકે જોડેલ નથી.

***<u>હુકમ</u>***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઝોનલચીફ અને જાહેર માહિતી

અધિકારી વેસ્ટઝોન કક્ષાએથી અરજદારને ઉપલબ્ધ માહિતી પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી સુમિત્રાબેન ઠાકોરભાઈ પટેલ,